Chap-1

SMT. HANSA MEHTA LIBRARY
The M. S. University of Baroda

# પ્રકરણ - ૧

# પરિવેશ : સંજ્ઞા અને સૂચિતાર્થો

ટૂંકી વાર્તા એટલે શું ? એનાં મૂળતત્ત્વો, એની સર્જનપ્રક્રિયા, એનો સર્જનપ્રવાહ, એના ફલિતાર્થો આ બધાંનો નખશીખ ચિતાર આપવો કઈ રીતે ? એનાં ચોક્કસ ઘટકતત્ત્વો કયાં ? એમાં શું આવે - શું ન આવે, શેના વિના ચાલે, શું અનિવાર્ય ? ટૂંકી વાર્તા સાથે ગૂંથાતા વિચારવલણો, તેની નિરૂપણરીતિઓ અને એમાં માધ્યમનો વિનિયોગ. આ બધી અને આવી અનેકાનેક વિચારણાઓ 'ટૂંકી વાર્તા' માટે આશરે એક સદીથી સક્રિય રહી છે. આંગળી મૂકીને કહી શકાય એવી ચોક્કસ વિગત આ સ્વરૂપની રચના માટે આવી નહીં. આવી તો એની સામે આવતી કોઇ કૃતિએ એની સામે પ્રશ્નાર્થો સર્જ્યા. આ રીતે ટૂંકી વાર્તાએ અનેકાનેક પડકારો સર્જ્યા અને પડકારોનો સામનો પણ કર્યો. ગુજરાતી ટૂંકી વાર્તા અને તે અંગેના વિચાર વલણો જોતાં સમજાય કે ટૂંકી વાર્તા કેટલાક ઘટકતત્ત્વોને પોતાના અવિનાભાવી અંગો તરીકે જાળવીને ચાલી છે. સમયાંતારે અને સર્જકાંતરે એમાં પ્રમાણભેદ મળે છે. પરિણામે ટૂંકી વાર્તાના ઘટકોની સ્વતંત્ર ચર્ચાઓ માટે અવકાશ રચાયો છે. જે કથનકેન્દ્ર, ઘટના, પાત્ર, વાસ્તવ, વિવિધ રચનારીતિઓ વગેરે પરના પ્રસિધ્ધ પામેલા સંશોધનગ્રંથોને આધારે નક્કી કરી શકાય. ગુજરાતી ટૂંકી વાર્તામાં આરંભકાળથી જ નિર્ણાયક બનતો આવેલો 'પરિવેશ' પણ સંશોધનક્ષમ છે. વ્યવહારમાં અને સાહિત્યમાં સતત પોતાની હયાતી નોંધાવતા 'પરિવેશ'ને વિવિધ મતોના આધારે સૂચિતાર્થ કરું છું.

વ્યવહાર જગતમાં 'પરિવેશ' સંજ્ઞા અનેક અર્થસંકેતો ધરાવે છે. મોટેભાગે એ આકાશ, સૂર્ય, ચન્દ્ર, પૃથ્વી , હવા, વૃક્ષો, નદીઓ, ઘર, બજાર વગેરે તત્ત્વો અને તેનાં પરિવર્તનોના અને વાતાવરણના અર્થમાં પ્રયોજાતી રહી છે. સાહિત્ય વિવેચનમાં પ્રયોજાતી વર્ણન વગેરે સંજ્ઞાઓ ખુદ નિરૂપણરીતિ, સ્થળ-સમય, ખપમાં લીધેલી સામગ્રી, સમગ્ર વાર્તાની છાપ વગેરેના અર્થમાં પ્રયોજાઈને મૂળ સંજ્ઞાઓના વિભાવોનો અનિયંત્રિત વિસ્તાર કરી નાખે છે અથવા તો મૂળ વિભાવને આડો-અવળો કરી નાખે છે, ત્યારે એના અર્થસંકેતો અંગેની સ્પષ્ટતાઓ ધૂંધળી બની જાય છે. પાણિની વ્યાકરણ અનુસાર 'પરિ' પ્રત્યય 'ચારેબાજુનું' એવો અર્થ કરે છે. તો 'વેશ' આવરણોના અર્થમાં પ્રયોજાય છે. આ રીતે સંપૂર્ણ સંજ્ઞા ચારેબાજુના આવરણનો અર્થસંકેત પ્રથમ નજરે આપે છે. તેનો સ્થાયી અર્થ શોધવા સંગ્રહિત અર્થગ્રંથોનો આધાર લઈએ તો ગુજરાતી ભાષાના માન્ય શબ્દકોશ

'સાર્થ જોડણીકોશ'[૧]માં 'પરિવેશ' શબ્દનો અર્થ 'તેજનું કૂંડાળું' 'હેલો' એવો મળે છે. આવો અર્થ કઈ રીતે નીપજાવાયો હશે એ પ્રશ્ન છે જ, પરંતુ એક અર્થમાં તેજ હોય કે અંધકાર, સુગંધ હોય કે દુર્ગંધ પરંતુ એનો વલય એક ચોક્કસ અનુભૂતિ સર્જે છે. તેથી એવી એક જુદી સર્વસામાન્ય કરતાં અલગ અનુભૂતિ સર્જતી આબોહવાના અર્થમાં અહીં પરિવેશને ગણીએ. પરંતુ પૂરવણી સહિતના 'સાર્થ જોડણીકોશ'[૨]માં પરિવેશ શબ્દનો અર્થ ઉપરોક્ત બે અર્થો ઉપરાંત 'વાતાવરણ' અને 'માહોલ' ઉમેરાયા છે જે વ્યવહારના અર્થમાં યોગ્ય છે. 'બૃહદ્ ગુજરાતી કોશ'[૩] પરિવેશ સંજ્ઞાના જુદા જુદા સાત અર્થો આપે છે. ૧) ઘેરાવો, ૨) ઘેરો, ૩) પરિધ, ૪)વર્તુલ, ૫) ગોઠવણ (સેટિંગ), ૬) સૂર્ય-ચંદ્રની આસપાસનું તેજનું કૂંડાળું, ૭) મૂર્તિનું પ્રભા-મંડળ 'હેલો'.

અહીં આપેલ અર્થો એક બાબત નક્કી કરે છે કે પરિવેશ સ્વયંનિર્ભર નથી. એને કોઈ એક અન્ય કેન્દ્ર છે અને આ કેન્દ્રબળે એ ચોમેરથી આકારિત થઈ ઉઠે છે. અહીં ગોઠવણના અર્થમાં આપેલી અંગ્રેજી સંજ્ઞા 'સેટિંગ' સાહિત્યવિવેચનને વધુ બંધબેસતી રહી છે જે રઘુવીર ચૌધરી અને પ્રમોદકુમાર પટેલે પોતાના વિવેચનોમાં પરિવેશના બદલામાં પ્રયોજી પણ છે. અંગ્રેજી વિવેચને 'સેટિંગ' સંજ્ઞાને પરિવેશના અર્થમાં વધુ પ્રયોજી છે.

'ભગવદ્ગોમંડળ'[૪] પરિવેશ માટે દશ જેટલા અર્થો આપે છે.

૧) ગઢ, કોટ

૨) ઘેરાવો, ઘેર

૩) ચતુરસ્ત્રરેખા

૪) પરિઘ

૫) પીરસવું તે

૬) મહાપુરુષના માથાની આસપાસ દેખાતું પ્રભામંડળ

૭) વર્તુલ, ચક્ર

૮) વીંટવું તે, ઘેરવું તે

૯) સૂર્ય ચંદ્રની આસપાસ દેખાતું તેજનું કૂંડાળું, જળકૂંડું, તેજનું મંડળ 'હેલો'

૧૦) સૂર્ય કે ચંદ્રનું બિંબ

અહીં પણ કોઈ તત્ત્વ પર નિર્ભય કે કોઈ તત્ત્વને ઉજાળનાર, કશાને કેન્દ્રસ્થ એવી બાબતને જ પરિવેશ ગણાવ્યો છે.

'પરિવેશ' તત્સમ્ શબ્દ છે. તેથી કે.કા.શાસ્ત્રી સંપાદિત 'સંસ્કૃત ગુજરાતી શબ્દકોશ'[૫] જોઈએ તો , તેઓ પરિધિ, ઘેરાવ, વીંટવું તે એવા શબ્દાર્થો આપે છે. જ્યારે 'સંસ્કૃત-ગુજરાતી વિનીતકોશ'[૬] (સં. ગોપાલભાઈ જીવાભાઈ પટેલ)માં પરિવેશનો શબ્દાર્થ પીરસવું તે, તેજનું કૂંડાળું (સૂર્ય ચંદ્રની આસપાસનું) એવો અર્થ મળે છે. એક લાખથી વધુ સંસ્કૃત શબ્દોના ગુજરાતી અર્થ આપનાર 'શબ્દ રત્ન મહોદધિ'[૭] (સં.શ્રી મુક્તિવિજયજી)માં પરિવેશની સંધિ પરિ + વિશ્ + ઘસ્ એવી છૂટી પાડેલ છે અને તેના ગુજરાતી અર્થો પરિધિ, ઘેરાવ, વીંટવું, વેસ્ટન, સૂર્ય ચંદ્ર વિગેરેની પાસેનું ગોળાકાર મંડળ એવો અપાયો છે. પરિવેશ શબ્દ પ્રયોજાયો છે એવો આધારભૂત શ્લોક પણ તેઓ આપે છે. પરંતુ તે ક્યાંથી લેવાયો છે તેની વિગત આપતા નથી જેથી એના મૂળ સુધી જઈ શકાય. તે શ્લોક આવો છે.

वातेन मण्डलीभूताः सूर्यचन्द्रमसौः कराः ।
मालामा व्योग्नि तुनुते परिवेशः प्रकीर्तितः ।।

અંગ્રેજીમાં પરિવેશ માટે setting સંજ્ઞા વધુ પ્રયોજાઈ છે. ઓક્સફોર્ડ ડીક્ષનરી[૮] settingનો સીધો જ અર્થ 'વાર્તા ઈત્યાદિની પાર્શ્વભૂ' એવો આપે છે. setting સંજ્ઞાના અન્ય અર્થોમાં background, context, environment, emvirems, frame habital, leeale, location, place, position, site, scene surrounding, baekdrops, backcloth, scenery, set વગેરે સંજ્ઞાઓ મળે છે.

The Oxford Reference Doctionary[૯]માં settingના અર્થો the position, place, or manner etc; in which something is set, music for the words of a song etc; a set of cutlery or crockery for one person at table મળે છે.

ગુજરાતી વિવેચન-સંશોધનમાં પરિવેશ સંજ્ઞા સીધી આવી નથી. આરંભે નવલરામ 'રીતભાત' જેવી સંજ્ઞાથી કામ ચલાવે છે. જ્યારે રામચંદ્ર શુક્લ સીધો લાગતો પર્યાય 'વાતાવરણ' અને 'વર્ણન' સંજ્ઞાઓ વડે પરિવેશ નિરૂપણની જ ચર્ચા કરે છે. ધૂમકેતુ પરિવેશને વાતાવરણ, વર્ણન, સૃષ્ટિ, ચિત્રાંકન, શબ્દચિત્રો કહે છે. રામનારાયણ પાઠક વાતાવરણ કે વર્ણન કહે છે. પરંતુ ગુજરાતી વિવેચનમાં સૌ પ્રથમ 'પરિવેશ' સંજ્ઞા ઉમાશંકર જોશી પ્રયોજે છે જે પછી સક્રિય થાય છે. તેઓ પણ ચિત્રણો, ચિત્રાંકન, વાતાવરણ, વર્ણન વગેરે સંજ્ઞાઓથી પણ કામ ચલાવે છે. સુન્દરમ્ વાતાવરણ, ચિત્ર, સ્થાન, વર્ણનો, ભૌગોલિક પરિસ્થિતિ, સ્થલકાલાદિક જેવી સંજ્ઞાઓ પરિવેશની ચર્ચા વખતે

પ્રયોજે છે. ચુનીલાલ મડિયાએ અનેક સ્થળે વાતાવરણ, વર્ણન, પશ્ચાદ્દભૂ, સ્થાનિક રંગ, બયાન, નિરૂપણ, રૂપકો, ચિત્રો, વર્ણનછટા, યથાર્થદર્શિતા, પ્રાદેશિકતા, સંજ્ઞાચિત્રો, ચિત્રપટો, નિસર્ગવર્ણન, ક્રિયાસ્થળ વગેરે સંજ્ઞાઓ વડે પરિવેશ નિરૂપણને દર્શાવવાનો પ્રયાસ કર્યો છે. ગુલાબદાસ બ્રોકર કુદરત, પ્રાદેશિકતા, વાતાવરણ, વંર્ણન જેવી સંજ્ઞાઓ પ્રયોજે છે. સુરેશ જોશીએ વિવિધ સ્થાનોએ પરિવેશ, આબોહવા, અભિનિવેશ, વર્ણન, વાતાવરણ વગેરે સંજ્ઞાઓનો વિનિયોગ કર્યો છે. રઘુવીર ચૌધરીએ પરિવેશ, સેટિંગ, ગતિચિત્રો, સ્થળ-સમય, આબોહવા વગેરે સંજ્ઞાઓ પ્રયોજી છે. તેઓ અંગ્રેજીમાંની setting સંજ્ઞા પણ ક્યારેક ખપમાં લે છે. વિજય શાસ્ત્રીએ પરિવેશ માટે સંનિવેશ, વાતાવરણ, વર્ણન, ભૌગોલિક પરિસ્થિતિ, દરિયાઈ વગેરે સૃષ્ટિ, વાર્તાઓની હવા, ચિત્રો, ચિત્રાત્મકતા, પૃષ્ઠભૂ, સ્થળકાળ, અસબાબ, પર્યાવરણ વગેરે સંજ્ઞાઓ જુદાજુદા નિમિત્તે ખપમાં લીધી છે. મધુ રાય 'રંગ' જેવી સંજ્ઞા આપે છે તો લાભશંકર ઠાકર 'ભાવપરિવેશ'. આ બન્ને વિશિષ્ટ સંજ્ઞાઓ આંતરિક સૃષ્ટિ તરફનો સંકેત આપે છે. આ સિવાયના મોટાભાગના વિવેચનો-સંશોધનોએ પરિવેશ, વાતાવરણ, વર્ણન, શબ્દચિત્રો જેવી રૂઢ સંજ્ઞાઓ દ્વારા જ પરિવેશ નિરૂપણની ચર્ચાઓ ચલાવી છે. જયેશ ભોગાયતા પાસેથી પરિવેશ સંજ્ઞાવિચારણાનો સ્વતંત્ર લેખ મળે છે.

આ રીતે વ્યવહારમાં પ્રયોજાતી પરિવેશ સંજ્ઞાની અર્થચ્છાયાઓ સાહિત્યમાં પ્રયોજાતા પરિવેશના અર્થો કરતાં ઘણી જુદી પડે છે. પરંતુ વ્યવહારમાં જેમ કેન્દ્રને અનુકૂળ એવો તે પરિવેશ એવો અર્થ મળે છે તે જ રીતે સર્વમાન્ય એવી ચિત્ર, પશ્ચાદ્દભૂ, વર્ણન, વાતાવરણ, સ્થળકાળ વગેરે સંજ્ઞાઓ પણ તદ્દન સ્વતંત્ર નહિ પણ કશાથી જોડાયેલ હોવાનો અર્થ ધરાવે છે. એ એક સામ્ય તારવી શકાય.

શરૂઆતમાં પરિવેશ સંજ્ઞા બીજા સંકેતો દ્વારા સૂચવાતી રહી તે ઉમાશંકર-મડિયા વગેરે દ્વારા ચોક્કસ અર્થમાં પ્રયોજાઈ. વિજય શાસ્ત્રીએ સંજ્ઞાના અર્થો દર્શાવતી અન્ય સંજ્ઞાઓનો જરૂરીયાત મુજબ વિનિયોગ કર્યો. જ્યારે ઉત્તરઆધુનિક અને અનુઆધુનિકોએ પરિવેશ, વાતાવરણ, વર્ણન જેવી ચોક્કસ સંજ્ઞાઓનો વિનિયોગ કર્યો હોવાનું જોવા મળે છે. આ રીતે પરિવેશ સંજ્ઞા પોતે જ સમયાંતરે રૂઢ થતી ગઈ હોવાનું સ્પષ્ટ જોઈ શકાય છે. પરંતુ સો વર્ષની આપણી વાર્તાવિચારણામાં ક્યાંય પ્રતીક, કલ્પન, વાસ્તવ વગેરેની જેમ 'પરિવેશ' સંજ્ઞા વિશે, તેની અર્થચ્છાયાઓ વિશે માંડીને વાત કરવાનું કોઈને ધ્યાનમાં આવ્યું નથી. તમામ વિવેચકોએ ક્યાંકને ક્યાંક કોઈને કોઈ નિમિત્તે પરિવેશ તરફ સંકેત કર્યો છે, પરંતુ પરિવેશ શું છે ? તેનો અર્થસંકેત શું છે ? તેની કાર્યસાધકતા કઇ રીતે સિદ્ધ થાય છે ? એ અંગે કોઈ સ્વતંત્ર મત રજૂ થયો નથી.

અંગ્રેજી વિવેચનમાં અનેક સ્થાનોએ પરિવેશની ચર્ચા થઈ છે. હેન્રી જેમ્સ, ડી.એસ.બ્લેન્ડ, યુડોરા વેલ્ટી, જે.એ.ડકન, કિશોર જાદવ વગેરેએ અંગ્રેજી ભાષામાં પરિવેશની ચર્ચા કરતી વખતે Setting, Background, Place, Location, Landscape, Circumstance, Description વગેરે સંજ્ઞાઓ ખપમાં લીધેલી જોવા મળે છે.

સંસ્કૃત મીમાંસામાં 'પરિવેશ' સંજ્ઞા માટે વિવિધ અર્થસંકેતો મળે છે. જેમાં મમ્મટ, રાજશેખર અને આનંદવર્ધનની ચર્ચાઓ મહત્ત્વની છે. ભરતના રસસૂત્રમાંની 'વિભાવ' સંજ્ઞાને મમ્મટ બે વિભાગમાં વહેંચે છે. આલંબન વિભાવ અને ઉદ્દીપન વિભાવ. મમ્મટના મતાનુસાર 'આલંબન' પાત્ર છે અને 'ઉદ્દીપન' સ્થળ છે. અહીં તે 'ઉદ્દીપન વિભાવ'ને પરિવેશના અર્થમાં પ્રયોજે છે. રાજશેખર 'વર્ણન' સંજ્ઞા વડે પરિવેશના અતિરેકભર્યા નિરૂપણ વિશે ચર્ચા કરે છે જ્યારે આનંદવર્ધન 'ધ્વન્યાલોક'માં 'વર્ણન' સંજ્ઞા પ્રયોજીને રસક્ષતિ કરતા તત્ત્વોની ચર્ચા કરે છે. આ તમામ ચર્ચાઓની વિસ્તૃત છણાવટ આગળના પ્રકરણમાં કરીશ. પરંતુ 'ઉદ્દીપન વિભાવ' 'વર્ણન' જેવી સંજ્ઞાઓ વડે પરિવેશ નિરૂપણની જ મીમાંસા સંસ્કૃત મીમાંસકોએ પણ કરી છે. જે અહીં સંજ્ઞા ચર્ચામાં નોંધનીય છે.

સંસ્કૃત, ગુજરાતી અને અંગ્રેજી સંજ્ઞા ચર્ચાના આધારે તારવી શકાય કે –

૧. લોકેશન, સેટિંગ, બેકગ્રાઉન્ડ, સ્થળસંદર્ભો, બદલાતા સામાજિક - સાંસ્કૃતિક સમયસંદર્ભો, વર્ણનો, પૃષ્ઠભૂ, ઉદ્દીપન વિભાવો વગેરે 'પરિવેશ'ના જ પર્યાયો છે.

૨. આ તમામ પર્યાયોને દર્શાવતી, મૂર્તિમંત કરતી, તાદશ કરતી વિગતો કૃતિમાં આવે તો એને 'પરિવેશ' કહી શકાય.

૩. આ પ્રકારનો પરિવેશ દરેક કૃતિમાં હોવાનો જ. એ અનિવાર્ય પણ છે.

૪. આ અનિવાર્ય પરિવેશ કૃતિનું ઘટકતત્ત્વ બને છે.

૫. આ ઘટકનો અન્ય ઘટકતત્ત્વો સાથે સંબંધ જોડાય છે અને કૃતિ સર્જાય છે.

૬. એ રીતે પરિવેશનું ઘટકતત્ત્વ એનું ચોક્કસ કાર્ય સિદ્ધ કરે છે.

પરિવેશ સંજ્ઞા ચર્ચાના આધારે મળતાં આ તારણો પછી વિવિધ વિચારણાઓને આધારે એના ચોક્કસ વિભાવ પર આવીએ.

સંદર્ભ સૂચિ :

૧. સાર્થ જોડણીકોશ : ગુજરાત વિદ્યાપીઠ, (જાન્યુઆરી, ૨૦૦૫) પૃ. ૫૧૮

૨. સાર્થ જોડણીકોશ : ગુજરાત વિદ્યાપીઠ, (જાન્યુઆરી, ૨૦૦૮) પૃ. ૯૪૫

૩. બૃહદ્ ગુજરાતી કોશ, ખંડ બીજો, (૧૯૮૧) સં. કે. કા. શાસ્ત્રી, પૃ. ૧૩૭૯

૪. ભગવદ્ગોમંડલ(૧૯૪૮,૧૯૮૬), કર્તા–ભગવતસિંહજી (મહારાજા ગોંડલ)પૃ.૫૪૦૯

૫. **સંસ્કૃત ગુજરાતી શબ્દકોશ, સં. કે.કા.શાસ્ત્રી**

૬. **સંસ્કૃત-ગુજરાતી વિનીતકોશ (સં. ગોપાલભાઈ જીવાભાઈ પટેલ)**

૭. શબ્દ રત્ન મહોદધિ (સં.શ્રી મુક્તિવિજયજી)

૮. **ઓક્સફોર્ડ ડીક્ષનરી**

૯. The Oxford Reference Doctionary, P. 756